# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2024-25/001 Dt. 16/06/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## <u>ચેમ્બર ઓફ કોમર્સનો ૮૪મો પદગ્રહણ સમારોહ યોજાયો</u>

# વર્ષ ૨૦૨૪–૨૫ના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા અને ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ પદભાર સંભાળ્યો

### ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી તરીકે શ્રી નિરવ માંડલેવાલા અને માનદ્ ખજાનચી તરીકે શ્રી મૃણાલ શુકલની જાહેરાત કરવામાં આવી

**દક્ષિણ ગુજરાતના દરેકે દરેક ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે, ઉદ્યોગોના પ્રશ્નોનું કાયમી અને સચોટ નિરાકરણ લાવવામાં આવશે, નવા પ્રોજેકટ અમલમાં આવે અને હાલના ઉદ્યોગો માટે કોમન ફેસીલીટી સેન્ટર બને તે દિશામાં મારી ટીમના પ્રયાસ હશે : ચેમ્બર ઓફ કોમર્સના નવ નિયુકત પ્રમુખ શ્રી વિજય મેવાવાલા**

**લોકોનાં ઘરના ચૂલા સળગે એના માટે ઉદ્યોગ સાહસિકોના જન્મ થયેલા છે, ઉદ્યોગ સાહસિકોને નાની મોટી મુશ્કેલી રહેવાની છે અને એના પ્રશ્નોના નિરાકરણની મારી જવાબદારી છે : ભારતના કેન્દ્રિય મંત્રી શ્રી સી.આર. પાટીલજી**

## દેશની સૌથી સારી ટેક્ષ્ટાઈલ પોલિસી બનાવવાની દિશામાં કાર્ય થશે, ટેક્ષ્ટાઈલ સેકટરના વધુ વિકાસ માટે આપણે કામ કરવાનું છે તેમ કહી ગુજરાતના ગૃહ – ઉદ્યોગ મંત્રી (રાજ્ય કક્ષા) શ્રી હર્ષભાઇ સંઘવીએ ચેમ્બરના નવ નિયુકત પદાધિકારીઓને શુભેચ્છા પાઠવી

## સુરતમાં ડાયમંડ એન્ડ ટેક્ષ્ટાઈલના પ્રોફેશનલ એજ્યુકેશન વિશે વિચારવામાં આવી રહયું છે તેમ કહીનેગુજરાતના માનનીય શિક્ષણમંત્રી શ્રી પ્રફુલ્લભાઇ પાનશેરિયાએ ચેમ્બર ઓફ કોમર્સના નવ નિયુક્ત પ્રમુખ અને ઉપ પ્રમુખને શુભેચ્છા પાઠવી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો ૮૪મો પદગ્રહણ સમારોહ રવિવાર, તા. ૧૬ જૂન, ૨૦૨૪ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા ખાતે યોજાયો હતો. જેમાં ચેમ્બર ઓફ કોમર્સના વર્ષ ૨૦૨૪–૨૫ના પ્રમુખ તરીકે વિજય મેવાવાલા અને ઉપ પ્રમુખ તરીકે નિખિલ મદ્રાસીએ પદભાર સંભાળ્યો હતો. વિજય મેવાવાલા, ચેમ્બર ઓફ કોમર્સના ૭૮મા પ્રમુખ બન્યા છે.

આ પદગ્રહણ સમારોહ ભારતના જળ શકિત મંત્રાલયના માનનીય કેન્દ્રિય મંત્રી શ્રી સી.આર. પાટીલજીના મહેમાન પદે યોજાયો હતો. જેમાં મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના મેનેજિંગ ડાયરેકટર શ્રી પ્રિયવ્રત મફતલાલ સ્પેશ્યલ ચીફ ગેસ્ટ તરીકે પધાર્યા હતા. ગાર્ડન સિલ્ક મીલ્સ પ્રા.લિ. એન્ડ એમસીપીઆઇ પ્રા.લિ.ના ડાયરેકટર શ્રી દેબી પ્રસાદ પાત્રએ ચીફ ગેસ્ટ તરીકે સ્થાન શોભાવ્યું હતું. ગુજરાતના માનનીય ગૃહ મંત્રી (રાજ્ય કક્ષા) શ્રી હર્ષભાઇ સંઘવી, માનનીય શિક્ષણ મંત્રી શ્રી પ્રફૂલભાઇ પાનશેરિયા અને સુરતના માનનીય સાંસદ શ્રી મુકેશભાઇ દલાલ સ્પેશ્યલ ગેસ્ટ તરીકે સમારોહમાં ઉપસ્થિત રહયા હતા. જ્યારે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ તેમજ એસ્ટ્રલ લિમિટેડના ચેરમેન એન્ડ એમડી શ્રી સંદીપ એન્જીનિયર અને નવી દિલ્હી સ્થિત રોયલ થાઇ એમ્બેસીના એમ્બેસેડર હર એકસલન્સી મીસ પાતારાત હોન્ગટોન્ગ અતિથિ વિશેષ તરીકે સમારોહમાં હાજર રહયા હતા.

ચેમ્બરના વર્ષ ૨૦૨૩–૨૪ના પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ પદગ્રહણ સમારોહમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધન કર્યું હતું. તેમણે તેમના કાર્યકાળ દરમ્યાન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલી નોંધનીય કામગીરીનો અહેવાલ રજૂ કરી વર્ષ ૨૦૨૪–૨૫ના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાનો પરિચય આપી તેમને પ્રમુખ તરીકેની બાગડૌર સંભાળવા અનુરોધ કર્યો હતો.

પદગ્રહણ સમારોહમાં સૌથી મહત્વની બાબત એટલે ચેમ્બર ઓફ કોમર્સના વર્ષ ૨૦૨૪–૨૫ના પ્રમુખ તરીકે શ્રી વિજય મેવાવાલા અને ઉપ પ્રમુખ તરીકે શ્રી નિખિલ મદ્રાસીએ પદભાર સંભાળ્યો હતો. પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ તેમના કાર્યકાળ દરમ્યાન માનદ્ મંત્રી તરીકે શ્રી નિરવ માંડલેવાલા અને માનદ્ ખજાનચી તરીકે શ્રી મૃણાલ શુકલની જાહેરાત કરી હતી. જ્યારે લેડીઝ વીંગના ચેરપર્સન તરીકે શ્રીમતી ગીતાબેન રમેશ વઘાસિયાની જાહેરાત કરી હતી.

## ‘વિકસિત ભારત@૨૦૪૭’ને સાકાર કરવા ચેમ્બર ઓફ કોમર્સનું યોગદાન વિશેષ હશે

શ્રી વિજય મેવાવાલાએ સર્વેનો આભાર વ્યકત કરી ચેમ્બરના પ્રમુખપદનો સ્વીકાર કર્યો હતો. તેમણે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ગ્લોબલાઇઝેશનના સમયમાં અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના વિઝન ‘વિકસિત ભારત@૨૦૪૭’ને સાકાર કરવામાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીનું યોગદાન વિશેષ હશે. ‘વિકસિત ભારત@૨૦૪૭’ અંતર્ગત દેશનો આર્થિક વિકાસ, સામાજિક પ્રગતિ, પર્યાવરણ જાગૃતિ અને ગુડ ગવર્નન્સ અંગે સમગ્ર વર્ષ દરમ્યાન પરીણામલક્ષી કાર્યક્રમોના આયોજનને પ્રાધાન્ય અપાશે.

## ઉદ્યોગ સાહસિકો આત્મ નિર્ભરતાથી સજ્જ થઈને આગળ વધે તે માટે સતત પ્રયત્ન કરાશે

દક્ષિણ ગુજરાતમાં ઉત્પાદિત થતી ચીજવસ્તુઓને વૈશ્વિક બજાર સુધી પહોંચાડવા માટે ચેમ્બર ઓફ કોમર્સની નીતિ ‘થીન્ક ગ્લોબલ, એકટ લોકલ’ પર આધારિત હશે. સુરતમાં ઉત્પાદિત માલ સામાનની કવોલિટીને પ્રાથમિકતા આપી તેનું એક્ષ્પોર્ટ કરી શકાય તે દિશામાં પ્રયાસ કરાશે. ભારતને વિશ્વની ત્રીજી આર્થિક મહાસત્તા બનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પને પૂર્ણ કરવા પ્રયાસ કરાશે. મારા કાર્યકાળ દરમિયાન દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો આત્મ નિર્ભરતાથી સજ્જ થઈને આગળ વધે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવશે.

## ઉદ્યોગોના પ્રશ્નો અને સમસ્યાઓનું કાયમી અને સચોટ નિરાકરણ માટે પ્રયાસ કરાશે

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા દક્ષિણ ગુજરાતના દરેકે દરેક ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે. ઉદ્યોગોના પ્રશ્નો અને સમસ્યાઓનું કાયમી અને સચોટ નિરાકરણ થાય, નવા પ્રોજેકટ અમલમાં આવે અને હાલના ઉદ્યોગો માટે કોમન ફેસીલીટી સેન્ટર બને તે દિશામાં મારી ટીમના પ્રયાસ હશે. ચેમ્બર ઓફ કોમર્સ, સમગ્ર વર્ષ દરમિયાન સુરત પોલીસના સાયબર સેલની સાથે મળીને આ ક્ષેત્રમાં કામ કરી રહેલા લોકોને સાથે રાખીને એક સ્પેશિયલ જાગૃતિ અભિયાન ચલાવશે. સાઇબર સેફ સુરતમાં આ મિશન અંતર્ગત સુરતના ઉદ્યોગકારોથી લઈને વિદ્યાર્થીઓ – ગૃહિણીઓ સુધી સાયબર ક્રાઇમ અવેરનેસના કાર્યક્રમ યોજાશે.

## ચોમાસામાં એનજીઓને સાથે રાખીને શ્રેણીબદ્ધ વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાશે

આ ઉપરાંત હવા, પાણી, જમીન તથા તાપી મૈયાના શુદ્ધિકરણના સરકારી કે બિન સરકારી દરેક પ્રોજેકટમાં ચેમ્બર ઓફ કોમર્સનું પ્રતિનિધિત્વ જોવા મળશે. કલાઇમેટ મેનેજમેન્ટની સાથે ચેમ્બર ઓફ કોમર્સની ટીમ બીજું એક સોશિયલ મિશન લઈને આખું વર્ષ કાર્યરત રહેશે. શહેરની દરેક જીઆઇડીસી અને ઇન્ડસ્ટ્રીયલ બેલ્ટમાં વધુને વધુ વૃક્ષારોપણ થાય તે માટે ચોમાસામાં એનજીઓને સાથે રાખીને શ્રેણીબદ્ધ વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાશે.

## બેન્કીંગ એન્ડ ઇન્સ્યોરન્સ કોન્કલેવનું આયોજન કરવામાં આવશે

સુરતની પ્રોડકટ દેશના અન્ય ભાગો સુધી પહોંચે તે માટે બીજા રાજ્યોમાં સ્થાનિક એકઝીબીટર્સને લઈને એક્ષ્પો કરવાનું આયોજન હાથ ધરાશે અને તેના માટે ચેમ્બરની ટીમ કાર્યરત થઈ ચૂકી છે. સુરત એવું શહેર છે કે જે આઝાદીકાળ પહેલાથી વેપાર વાણિજ્ય માટે વિશ્વવિખ્યાત હતું. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને ફાયનાન્સથી લઈને ઇન્સ્યોરન્સ સુધીની સુવિધાઓ એક છત હેઠળ ઓન ધ સ્પોટ મળે તે માટે આ વર્ષે બેન્કિંગ એન્ડ ઇન્સ્યોરન્સ કોન્કલેવનું આયોજન કરવામાં આવશે.

## સ્ટાર્ટ અપ સાથે સંકળાયેલા યુવાઓ માટે ખાસ ઇકો સિસ્ટમ વિકસિત કરવા વિશેષ પગલાં ભરાશે

ભારત વર્ષમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સર્વ પ્રથમ વખત સોલાર પેનલનું સુરતથી એક્ષ્પોર્ટ થાય તેના પર ધ્યાન આપવામાં આવશે, જેમાં રૂફટોપ સોલારથી લઈને ઇન્ડસ્ટ્રીઝ માટે ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર સિસ્ટમ સુધીની મશીનરી ડિસ્પ્લે કરવામાં આવશે. યાર્ન એક્ષ્પો, ઉદ્યોગ, સીટમે, એજ્યુકેશન, ફૂડ એન્ડ બેવરેજીસ એક્ષ્પોનું ચોકકસપણે આયોજન કરવામાં આવશે. ચેમ્બરની કોન્કલેવ અને સેમિનારોને વધુને વધુ ઇન્ડસ્ટ્રી ફ્રેન્ડલી બનાવવા પ્રયાસ કરવામાં આવશે. સુરતના મહિલા સાહસિકો અને વર્કિંગ વુમનને દેશની અગ્રણી વિમેન આંત્રપ્રિન્યોર્સની સાથે સીધી વાતચીત કરી શકે તે માટે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરાશે. સ્ટાર્ટ–અપ સાથે સંકળાયેલા યંગસ્ટર્સ માટે ખાસ ઇકો સિસ્ટમ વિકસિત થાય તે દિશામાં વિશેષ પગલાં ભરાશે.

## કોમન ફેસીલીટી સેન્ટર માટે ચેમ્બર ઓફ કોમર્સનું પ્રતિનિધિત્વ દેખાશે

સુરતમાં ટૂંક સમયમાં ધમધમતા થનારા સુરત ડાયમંડ બુર્સ અને પીએમ મિત્રા મેગા ટેક્ષ્ટાઇલ પાર્ક સમગ્ર ઇન્ડસ્ટ્રી માટે ગેમ ચેન્જર સાબિત થશે. આ બંને ઉદ્યોગો માટે લેટેસ્ટ ઇકવીપમેન્ટસ ધરાવતા કોમન ફેસીલીટી સેન્ટર માટે ચેમ્બરનું પ્રતિનિધિત્વ દેખાશે. સુરત એરપોર્ટ ખાતે પેસેન્જર સેન્ટ્રીક ફેસિલિટીઝ સાથે ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ ફલાઇટ વધે તે માટે આપણા માનનીય કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર. પાટીલજીની સાથે તથા સુરતના સાંસદ શ્રી મુકેશભાઇ દલાલની સાનિધ્યમાં સનિષ્ઠ પ્રયાસો કરવામાં આવશે.

ભારતના જળ શકિત મંત્રાલયના માનનીય કેન્દ્રિય મંત્રી શ્રી સી.આર. પાટીલજીએ જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સના નવ નિયુકત પ્રમુખ વિજયભાઇ મારા જૂના મિત્ર છે અને દક્ષિણ ગુજરાતની ઇન્ડસ્ટ્રીને નવી ઊંચાઇએ લઇ જશે તેમ કહીને તેઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહયું હતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ત્રીજા ટર્મ દરમિયાન દેશનો આર્થિક ગ્રોથ રેટ ઊંચો રહેશે, જેમાં ઈન્ડસ્ટ્રી મોટી ભૂમિકા ભજવશે. કારણ કે, લોકોને રોજી–રોટી આપવાનું કામ ઈન્ડસ્ટ્રી કરે છે. ભારત એક ખેતીપ્રધાન દેશ હોવાથી તેમાં રોજી રોટી ખેતીમાંથી મળે છે, પણ તેમાં કામ કરતાં લોકોની સંખ્યામાં ઘટાડો થઈ રહયો છે. લોકો હવે એજ્યુકેશનના કારણે જુદા જુદા ક્ષેત્રમાં નોકરી કરી રહયા છે ત્યારે યુવાઓને તક મળે, અનુકૂળ વાતાવરણ મળે અને તેના દ્વારા દેશનો આર્થિક વિકાસ થાય, દેશની અર્થવ્યવસ્થાને બળ મળે તેના માટે ઈન્ડસ્ટ્રી મોટું સાહસ કરતી હોય છે.

તેમણે જણાવ્યું હતું કે, ઇન્ડસ્ટ્રીના આગેવાનો રોકાણ લાવે છે. બેંક ભારણ પોતાના પર લે છે. તેઓને પ્રોડકટ કવોલિટીની ચિંતા હોય છે. કોસ્ટ વાયેબલની અને માલ વેચવાની ચિંતા અને પછી પૈસા આવવાની ચિંતા હોય છે. ચૂલો સળગાવવા માટે નહી પણ લોકોનાં ઘરના ચૂલા સળગે એના માટે ઉદ્યોગ સાહસિકોના જન્મ થયેલા છે. ઉદ્યોગ સાહસિકોની નાની મોટી મુશ્કેલી રહેવાની છે અને એના પ્રશ્નોના નિરાકરણની મારી જવાબદારી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપણા જીવનમાં પાણીનું ઘણું મહત્વ છે. સુરતીઓએ હવે રેઈન વોટર હાર્વેસ્ટિંગની દિશામાં કાર્ય કરવાની જરૂર છે. તાપી શુદ્ધિકરણ એકમાત્ર પ્રોજેકટ છે, જે કોઈ મહાનગરપાલિકા દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો છે. સુરત મહાનગર પાલિકા દ્વારા આગામી ૫૦ વર્ષ બાદની જનસંખ્યાને ધ્યાને રાખી પાણીની જરૂરિયાતનો વિચાર કરી તે દિશામાં કાર્ય કરવામાં આવ્યું છે. હવે તાપીમાં ૧૦ લાખ કયુસેક પાણી છોડવામાં આવશે તો પણ સુરતના નીચાણવાળા વિસ્તારના ઘરો નહીં ડૂબશે.

ગુજરાતના માનનીય ગૃહ મંત્રી (રાજ્ય કક્ષા) શ્રી હર્ષભાઇ સંઘવીએ જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ એ ઉદ્યોગકારોનો અવાજ છે. ચેમ્બર ઓફ કોમર્સ સુરતના યુવાઓએ જોયેલા સપનાને સાકાર કરવામાં મદદ કરે છે. કલેકટીવ વેપારીઓ પાસેથી સલાહ સૂચનો લઈને રિસર્ચ કરીને તે અંગેની રજૂઆત રાજ્ય સરકાર અને કેન્દ્ર

સરકારને આપે તે માટે તેમણે ચેમ્બર ઓફ કોમર્સને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહયું હતું કે, દેશની સૌથી સારી ટેક્ષ્ટાઈલ પોલિસી બનાવવાની દિશામાં કાર્ય થશે. ટેક્ષ્ટાઈલ ક્ષેત્રમાં ઇન્સેન્ટીવ પોલિસીનો એક ભાગ જરૂર હોય છે પણ ટેક્ષ્ટાઈલ સેકટરના વધુ વિકાસ માટે આપણે કામ કરવાનું છે.

તેમણે જણાવ્યું હતું કે, ઉધના – મગદલ્લા રોડ પરની મિલોને એક પોલિસી માધ્યમથી પીએમ મિત્રા પાર્કમાં લઇ જવાની જરૂર છે. તેમણે ચેમ્બરને વેપારીઓ સાથે થતા સાયબર ફ્રોડ અંગે ચેમ્બરમાં ડેસ્ક બનાવીને પોલિસ કમિશનર સાથે સંકલન કરવું જોઈએ, જેથી વેપારીઓની સમસ્યાનું નિરાકરણ થઈ શકશે. માનનીય મંત્રીશ્રીએ ટ્રાફિક સિગ્નલને અનુસરતા સુરતવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ટ્રાફિક સિગ્નલને કારણે તેમના સમયમાં વધારાની જે સમસ્યા ઉભી થઇ છે તેનું ટૂંક સમયમાં નિવારણ લાવવાની ખાતરી તેમણે આપી હતી. ટ્રાફિક સિગ્નલના પાલનના કારણે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ગંભીર અકસ્માતોમાં નોંધાયેલા ઘટાડાની વિગતો પણ તેમણે આપી હતી.

ગુજરાતના માનનીય શિક્ષણમંત્રી શ્રી પ્રફુલ્લભાઇ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, સુરતમાં ડાયમંડ એન્ડ ટેક્ષ્ટાઈલના પ્રોફેશનલ એજ્યુકેશન વિશે વિચારવામાં આવી રહયું છે. સાથે જ માનવીય અભિગમમાં અવ્વલ સુરતના ઉદ્યોગકારો દાન ધર્મમાં પણ હંમેશા અગ્રેસર રહયા હોવાનું જણાવી તેમણે ચેમ્બર ઓફ કોમર્સના નવ નિયુક્ત પ્રમુખ અને ઉપ પ્રમુખને શુભેચ્છા પાઠવી હતી. દેશમાં કાશ્મીરનો રાજૌરી ક્ષેત્ર, રણ પ્રદેશ જેવા વિસ્તારોમાં ઉદ્યોગને કેવી રીતે ડેવલપ કરી શકીએ? અથવા આ જગ્યાઓ પર શું કરી શકાય? તે અંગે આપણે વિચારવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

સુરતના માનનીય સાંસદ શ્રી મુકેશભાઇ દલાલે જણાવ્યું હતું કે, 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી છેલ્લા કેટલાય વર્ષોથી સુરતના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. ચેમ્બરના દરેક પ્રમુખે ચેમ્બરને નવી ઊંચાઇએ પહોંચાડવાનું કામ કર્યું છે.

### GCCI અને SGCCIના સંયુક્ત ઉપક્રમે એકઝીબીશન યોજાશે

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ તેમજ એસ્ટ્રલ લિમિટેડના ચેરમેન એન્ડ એમડી શ્રી સંદીપ એન્જીનિયરે આગામી વર્ષમાં GCCI અને SGCCIના સંયુકત ઉપક્રમે એકઝીબીશન યોજાશે તેમ જણાવ્યું હતું. તેમજ તેમણે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ને આગળ ધપાવવા પ્રયાસ કરીશું તેમ કહ્યું હતું.

મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના મેનેજિંગ ડાયરેકટર શ્રી પ્રિયવ્રત મફતલાલે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા અને ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીને શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ ચેમ્બર ઓફ કોમર્સના કાર્યોની પ્રશંસા કરી હતી.

નવી દિલ્હી સ્થિત રોયલ થાઇ એમ્બેસીના એમ્બેસેડર હર એકસલન્સી મીસ પાતારાત હોન્ગટોન્ગે જણાવ્યું હતું કે, 'થાઈલેન્ડ માટે ગુજરાત અને સુરત નવું નથી. થાઈલેન્ડના ગુજરાત અને સુરત સાથે જૂના સંબંધો છે. તેમણે સુરતી રોકાણકારોને થાઈલેન્ડમાં રોકાણ કરી અથવા પ્રોડકટનું એક્ષ્પોર્ટ કરવા આમંત્રણ આપ્યું હતું. તેમણે થાઈલેન્ડ સાથે ડાયરેકટલી કનેકટેડ ફલાઈટસ વિશેની માહિતી આપી હતી.

ગાર્ડન સિલ્ક મીલ્સ પ્રા.લિ. એન્ડ એમસીપીઆઇ પ્રા.લિ.ના ડાયરેકટર શ્રી દેબી પ્રસાદ પાત્રએ જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સના સભ્યોમાં પરિવારની ભાવના જોવા મળે છે. અહીં જુદા જુદા ક્ષેત્રોમાંથી આવતા ઉદ્યોગકારો એક પરિવારની જેમ એક બીજામાં ભળી જાય છે અને મુશ્કેલ સમયમાં એકબીજાની સાથે રહે છે.

ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ પ્રમુખ તરીકે શ્રી રમેશ વઘાસિયાએ તેમના કાર્યકાળ દરમિયાન દક્ષિણ ગુજરાતના ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ હેતુ તેમજ મિશન ૮૪ અંતર્ગત સુરતના ઉદ્યોગકારોને ગ્લોબલી માર્કેટ પૂરુ પાડવા માટે જે કામગીરી કરી હતી તે અંગેના સન્માન પત્રનું વાંચન કર્યું હતું.

ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી શરદભાઇ કાપડીયાને ચેમ્બર દ્વારા લાઇફ ટાઇમ એચીવમેન્ટ સન્માન પત્ર આપી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું, જેનું વાંચન ભૂતપૂર્વ પ્રમુખ શ્રી બી.એસ. અગ્રવાલે કર્યું હતું. આ ઉપરાંત ઓલ એકઝીબીશન્સ ચેરમેન શ્રી બિજલ જરીવાલા અને મિશન ૮૪ના કો–ઓર્ડિનેટર શ્રી સંજય પંજાબીને વર્ષ દરમ્યાન કરાયેલી કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના સમૃદ્ધિ મેગેઝીનના વર્ષ ૨૦૨૩ –૨૪ના એજીએમ ઇશ્યુનું વિમોચન કરવામાં આવ્યું હતું. સાથે જ વર્ષ દરમ્યાન આયોજિત વિવિધિ એકઝીબીશનોની જાહેરાત કરવામાં આવી હતી.

પદગ્રહણ સમારોહમાં તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા ઉપસ્થિત રહયા હતા. માસ્ટર ઓફ સેરેમની ચેમ્બરના ગૃપ ચેરમેન તેમજ ઓલ એકઝીબીશન્સ ચેરમેન શ્રી બિજલ જરીવાલા અને સુશ્રી જિલ્પા શેઠે કરી હતી.

પદગ્રહણ સમારોહને અંતે વર્ષ ૨૦૨૪–૨૫ના ઉપ પ્રમુખ તરીકે પદભાર સંભાળનાર શ્રી નિખિલ મદ્રાસીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયું હતું.